# 13

## ખંડપરિચય : અજાયબ ખંડ ઍન્ટાર્કટિકા અને ઑસ્ટ્રેલિયા

તમે અગાઉના એકમમાં પૃથ્વી પરના સાત ખંડો વિશે જાણ્યું. પરંતુ તેમનો પરિચય કર્યો નથી. આવો, આપણે જાણીએ આપણા  ખંડોને. સૌપ્રથમ પૃથ્વીનો ગોળો મેળવીને ગોળાની નીચેનો ભાગ જ્યાં ધરીનો છેડો છે, તે જુઓ અને વિશ્વના નકશાની મદદથી એ વિસ્તારમાં લખેલાં નામોની નોંધ કરો. એવી જ રીતે પૃથ્વીના ગોળાની ઉપર  ટોચના ભાગે એટલે કે ઉત્તરધ્રુવ પર આવેલા એક મહાસાગરનું નામ શોધો અને નીચેના કોષ્ટકમાં લખો.

| | |
|---|---|
| 1 | |
| 2 | |
| 3 | |
| 4 | |
| 5 | |
| 6 | |

ઉપરના કોષ્ટકમાં બંને ધ્રુવ પર આવેલા જળ અને જમીન-વિસ્તારોની સામ્યતા લગભગ એક જ છે. તેથી ઉત્તર ધ્રુવનો વિસ્તાર આર્કટિક અને તેની વિરુદ્ધનો વિસ્તાર એટલે કે દક્ષિણ ધ્રુવનો વિસ્તાર ઍન્ટિ-આર્કટિક જે ઍન્ટાર્કટિકા નામે ઓળખાય છે. એ એકંદરે યુરોપ અને અમેરિકા બંને મળીને જેટલો વિસ્તાર થાય છે તેટલો વિસ્તાર ધરાવે છે.



13.1 ઍન્ટાર્કટિકાનો પ્રાકૃતિક નકશો

ઍન્ટાર્કટિકા ખંડ પર પૃથ્વી સપાટીનો 90 % બરફ જોવા મળે છે. અહીં જ્યાં નજર કરો, ત્યાં વિશાળ શ્વેત ચાદરો રૂપી હિમશિલાઓ અને બરફનું આચ્છાદન દેખાય છે.



13.2 બરફ આચ્છાદિત શ્વેત ચાદરથી ઢંકાયેલો પ્રદેશ



13.3 સુમેરુ જ્યોતિ (અરોરા)

દ. ધ્રુવના અંતિમ બિંદુએ આવેલા આ પ્રદેશમાં વર્ષ દરમિયાન છ માસ દિવસ અને છ માસ અંધકારરૂપી રાત્રિ જોવા મળે છે. સૂર્ય ઘણા મહિનાઓ સુધી ક્ષિતિજની સપાટીથી ઉપર આવતો નથી, તેથી સૂર્યકિરણોના પરાવર્તનથી આકાશમાં રંગબેરંગી પટ્ટાઓ જોવા મળે છે, જેને સુમેરુ જ્યોતિ (અરોરા) કહે છે.

ઍન્ટાર્કટિકા ખંડ ટાપુમય સ્થાન ધરાવતો હોવાને લીધે હજારો કિલોમીટર લાંબો દરિયાકિનારો મળ્યો છે. તેથી વ્હેલ, સીલ, વૉલરસ જેવા 'મહાકાય દરિયાઈ જીવોની સ્વર્ગભૂમિ' તેમજ 'પૅંગ્વિન ભૂમિ' તરીકે પણ ઓળખવામાં આવે છે.



13.4 પૅંગ્વિન



13.5 વ્હેલ

## આબોહવા અને કુદરતી વનસ્પતિ

અહીંની આબોહવાની એક લાક્ષણિકતા છે. જેમકે હિમવર્ષા, ઝાકળ, ધુમ્મસ અને તેજ બર્ફીલા તોફાની પવનો છે, તેથી વનસ્પતિનો વિકાસ થતો નથી. ક્યાંક-ક્યાંક ટૂંકું ઘાસ, લીલ, શેવાળ અને રંગીન ફૂલોવાળા છોડ જોવા મળે છે.



**13.6** કુદરતી વનસ્પતિ (લિચેન)



**13.7** ઍન્ટાર્કટિકા ખંડ (ઉપગ્રહ આધારિત ફોટોગ્રાફ)

ઍન્ટાર્કટિકા ખંડમાં વિશ્વના અનેક દેશોએ શોધ અને સંશોધન માટે કેન્દ્રો સ્થાપેલાં છે. ભારતે પણ પોતાનાં બે કેન્દ્રો  સ્થાપ્યાં છે. તે નકશામાં જુઓ અને ત્યાં કેવી રીતે પહોંચી શકાય તે કહો.



**13.8** મૈત્રી સંશોધનકેન્દ્ર



**13.9** ગંગોત્રી સંશોધનકેન્દ્ર

**વિચારો**

1. ભારતથી ઍન્ટાર્કટિકા ખંડ જવા માટેનો જળમાર્ગનો નકશો પૃથ્વીના ગોળા પર શોધો.
2. આ પ્રદેશના લોકો આવા કપડાં કેમ પહેરતા હશે ?
3. અહીં રહેવું હોય, તો તમારે કેવું ઘર બનાવવું પડે ?

ઍન્ટાર્કટિકા ખંડમાં બરફયુક્ત જમીન અને અતિશય ઠંડીને કારણે ખનીજપ્રાપ્તિનું કાર્ય મુશ્કેલ છે. અલ્પ માત્રામાં અહીં સોનું, તાંબું, સીસું અને કોલસો પ્રાપ્ત થાય છે. સીલ, વ્હેલ વગેરે માછલીઓનો શિકાર કરી તેનાં અંગોના વેચાણનો ઉદ્યોગ કિનારાના વિસ્તારમાં લાંગરેલી નૌકાઓમાં જોવા મળે છે.

ઍન્ટાર્કટિકા ખંડ માનવવસવાટ માટે પ્રતિકૂળ આબોહવા અને સતત હાડમારીઓનો પ્રદેશ હોવાથી માત્ર કિનારાવાળા પ્રદેશોમાં છૂટાછવાયાં કુટુંબો વસે છે.

**વિચારો**

ઍન્ટાર્કટિકા ખંડમાં કેટલીક વાનગી સારી રીતે બની શકે નહિ અને લાંબો સમય ટકી શકે નહિ. કેમ ?

### આટલું જાણો.

કેપ્ટન જેમ્સ કૂક એ સૌપ્રથમ સાહસિક છે કે જે ઈ.સ. 1772માં ઍન્ટાર્કટિકા ખંડમાં પ્રવેશ્યા હતા. તો ઈ.સ. 1903 થી 1926 દરમિયાન રોનાલ્ડ એમૂન્ડસન (નૉર્વે) સૌપ્રથમ દક્ષિણધ્રુવ સુધી પહોંચનાર વ્યક્તિ હતા.

## કાંગારુઓની ભૂમિ (ઑસ્ટ્રેલિયા)

રાજની મિત્ર નિલોફરે ઑસ્ટ્રેલિયાની માહિતી અને વિવિધ ફોટોગ્રાફ ઈ-મેઈલ દ્વારા મોકલેલ છે. ચાલો, નિહાળીએ, સમજીએ અને શીખીએ.



**13.10** વિશિષ્ટ પ્રાણી કાંગારુ



**13.11** સીડનીની વિશિષ્ટ ઈમારત (ઓપેરાહાઉસ)

ઑસ્ટ્રેલિયા ટાપુ ખંડ અને દેશ છે. ભારત અને પાકિસ્તાન કરતાં કદમાં બમણો, પરંતુ વસતિની દૃષ્ટિએ ભારતના મધ્યપ્રદેશ રાજ્ય જેટલો છે. દેશની મોટા ભાગની વસતિ એટલે કે 90 ટકા લોકો મહાનગરોમાં વસે છે. ઉત્તરના વિસ્તારો મોટા ભાગે નિર્જન છે, તેથી વસતિની દૃષ્ટિએ વિશ્વનો નાનામાં નાનો ખંડ છે. ખંડના મધ્ય ભાગમાંથી મકરવૃત્ત પસાર થાય છે. ખંડની લંબાઈ-પહોળાઈ લગભગ સરખી છે. વિશ્વનો 7 ટકા ભૂમિભાગ રોકે છે અને ટાપુમય સ્થાનને કારણે ખૂબ જ લાંબો દરિયાકિનારો ધરાવે છે. કાંગારુ, મેરિનો ઘેટું, કોઆલા અને પરવાળાના ટાપુઓનો સમૂહ ગ્રેટબેરિયર રીફ માત્ર આ ખંડની જ નહિ, પરંતુ વિશ્વની પ્રાકૃતિક અજાયબી છે.




**13.12** ઑસ્ટ્રેલિયા : પ્રાકૃતિક

**વિચારો**

1. આપણા દેશનો અને ઑસ્ટ્રેલિયાનો આકાર કેવો છે ?
2. ઑસ્ટ્રેલિયાના ઉત્તરના ભાગમાં લખેલાં નામ વાંચો અને નોંધ કરો તે શું દર્શાવે છે ?
3. આ ખંડનાં આઠ મહાનગરોને શોધો કે જ્યાં 90 % વસતિ વસે છે.

**આટલું જાણો.**

ઍન્ટાર્કટિકા ખંડ પર સૌપ્રથમ પગ મૂકનાર કૅપ્ટન જેમ્સ કૂક ઑસ્ટ્રેલિયાનો પણ શોધક છે. ફિલન્ડર્સે ઑસ્ટ્રેલિયા તેવું નામ આપ્યું.

## ઑસ્ટ્રેલિયાખંડની મુખ્ય ભૂપૃષ્ઠીય વિશેષતાઓ



**13.13** ગ્રેટ-ડિવાઈડિંગ રેન્જ



**13.14** આયર સરોવર



**13.15** ગ્રેટબેરિયર રીફ

**વિચારો**

નકશો જુઓ અને મરે તથા ડાર્લિંગ નદીઓ ક્યાંથી નીકળી કયા સમુદ્રને મળે છે તે શોધો.



**13.16** યુકેલિપ્ટ્સ



**13.17** મેરિનો ઘેટુ



**13.18** કોઆલા

**વિચારો**

1. આ ખંડમાં લગભગ ગરમી, ઠંડી કેવી રહેતી હશે ? 2. કાંગારુઓ શું ખાતા હશે ?
3. ઘેટાં માનવને કેવી રીતે ઉપયોગી થતાં હશે ? 4. આ દેશના લોકો ખોરાકમાં શું લેતા હશે ?

## ખનિજસંપત્તિ



13.19 સોનાની ખાણ
(કાલગુર્લી અને કુલગાર્ડી)

ઑસ્ટ્રેલિયાના 31 % લોકો સમુદ્રી ખોરાકની નિકાસ સાથે સંકળાયેલા છે.



13.20 વિશ્વની સૌથી મોટી સીસાની ખાણ (બ્રોકન હિલ)

**આટલું જાણો.**

ઑસ્ટ્રેલિયાની રાજધાની કેનબરા તથા બ્રિસ્બેન, સીડની, એડિલેડ, મેલબર્ન, પર્થ જેવાં શહેરોમાં મોટાભાગની વસતિ વસે છે. ન્યુઝીલૅન્ડ પણ ટાપુકીય દેશ છે. 1/3 વસતિ ઉત્તરના ટાપુમાં વસે છે.

## સ્વાધ્યાય

1. ઍન્ટાર્કટિકામાં તમને પ્રવાસે લઈ જવામાં આવે, તો તમારે કેવી તૈયારી કરવી પડે ?
2. ભારતમાં કયાં બે સંબંધિત કેન્દ્રો ઍન્ટાર્કટિકા ખંડમાં આવેલા છે ?
3. આકાશ રંગબેરંગી કેમ દેખાતું હશે ?
4. ઑસ્ટ્રેલિયાખંડ અને ઍન્ટાર્કટિકાખંડ વચ્ચે શું સામ્યતા છે ?
5. પશ્ચિમ ઑસ્ટ્રેલિયા અને ઍન્ટાર્કટિકાને રણ કહેવાય કેમ ?
6. ઍન્ટાર્કટિકા અને ઑસ્ટ્રેલિયાખંડના શોધક કોણ હતા ?
7. ન્યુઝીલેન્ડ અને ઍન્ટાર્કટિકાખંડ વચ્ચે કયો મુખ્ય તફાવત છે ?
8. જળમાર્ગે ઑસ્ટ્રેલિયા જવા માટે મુંબઈથી કયા દેશમાં થઈને જવું પડે ?
9. ઑસ્ટ્રેલિયામાં વસતિ કેમ ઘણી ઓછી છે ?
10. કાલગુર્લી અને કુલગાર્ડી શું છે ?

•